૨૦૧૮-૧૯

જનરલ

**સને ૨૦૧૮-૧૯ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી વન વ્યવસ્થા અને વિકાસની યોજના (જનરલ)** વિભાગ-૧ (નવી બાબત)

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એફએસટી/૧૧૧૭/૧૧૩૮/મ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૬/૦૪/૨૦૧૮

## ઠ રા વ

સને ૨૦૧૮-૧૯ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના માટે વિભાગ-૧ નવી બાબત માટે કુલ રૂ. ૯૯.૮૬ લાખ (અંકે રૂપિયા નવ્વાણું લાખ છ્યાંસી હજાર પુરા) ની જોગવાઇ કરવામાં આવેલ છે.

| | | મંજૂર કરેલ રકમ |
|---|---|---|
| આવર્તક | : | રૂ. 0.00 લાખ |
| અનાવર્તક | : | રૂ. ૯૯.૮૬ લાખ |
| કુલ | : | રૂ. ૯૯.૮૬ લાખ |

3. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | કામગીરીની વિગત | જથ્થો(હેક્ટર) | દર(રૂપિયા) | રકમ(રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | પાંખા થયેલ વન વિસ્તારમાં વન વૃદ્ધિની કામગીરી જેવી કે કટબેક, પ્રુનીંગ સીગલિંગ વિગેરે કામગીરી | ૧૨૨૪ | ૮૧૫૮.૫૦ | ૯૯.૮૬ |
| | | | કુલ ઘાસ સુધારણા | ૯૯.૮૬ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૩. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

૭. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૮. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૯. વન વિભાગ દ્વારા કરવામાં આવતા વાવેતરના GPS કો-ઓર્ડિનેટ્સ દર્શાવવા, તેનું રજિસ્ટર નિભાવવા તથા તે મુજબ મોનીટરીંગ વ્યવસ્થિત થાય અને વધુમાં વધુ જીવિત રોપાઓની ટકાવારી જળવાઈ રહે તે જોવાનું રહેશે.

૧૦. સૂચિત કામો પૈકી જે કામો મનરેગા હેઠળ આવરી લેવાયા હોય તેનો ખર્ચ મનરેગા યોજના હેઠળ ઉધારવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે. નાના તથા મોટા કામો માટે સરકારશ્રીની નિયત પ્રક્રિયા અને પદ્ધતિ અનુસરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૮-૧૯ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓના મૂડી હિસાબ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મૂડી હિસાબ |
| મુખ્ય સદર | : | ૪૪૦૬- વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧- વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | ૦૧- વન વ્યવસ્થા અને વિકાસ |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાં વિભાગની તા. ૦૭/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(બી. જી. વાઘેલા)**
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર.

- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (વિકાસ અને વ્યવસ્થા) ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (નાણાકીય વ્યવસ્થાપન), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ - **IWDMS** પર મૂકવા માટે.